Original Research Paper | History | Volume : 10 | Issue : 06 | June 2025 | e-ISSN : 2456-5040

# મહીસાગર જિલ્લાની લોકસંસ્કૃતિમાં કલેશ્વરીનું પ્રદાન

પટેલ નૂતનબહેન ભીખાભાઈ[૧], ડૉ. દક્ષા એમ પટેલ[૨]

[૧] પીએચ ડી રિસર્ચ સ્કોલર, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

[૨] એસોસિયેટ પ્રોફેસર, ઇતિહાસ વિભાગ, શ્રી તેજેન્દ્રપ્રસાદજી સ્વામિનારાયણ આર્ટસ કોલેજ, કોઠંબા, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

## પ્રસ્તાવના

માનવીનું જીવન માત્ર ભૌતિક આવશ્યકતાઓથી જ નહીં, પરંતુ આધ્યાત્મિકતા, ભક્તિ અને લોકપરંપરાના સંવર્ધનથી પણ સમૃદ્ધ બને છે. ગુજરાતની ધરતી પર અનેક એવા પવિત્ર સ્થાનોએ લોકસંસ્કૃતિને ઘડવામાં અને લોકહૃદયને એકતા, ભક્તિ અને પરંપરાના ધાગાથી બાંધવામાં વિશિષ્ટ પ્રદાન આપ્યું છે. તેમાં મહીસાગર જિલ્લાના કલેશ્વરી ધામ લોકઆસ્થાનું એક અનોખું કેન્દ્ર છે. કલેશ્વરી માત્ર ધાર્મિક સ્થળ નથી, પરંતુ લોકજીવનના તહેવારો, મેળાઓ, ગીતો, લોકકથાઓ અને લોકભક્તિનું જીવંત દર્પણ છે. અહીં ભક્તિ સાથે લોકસંગીત, નૃત્ય, મેળાવડા અને ધાર્મિક વિધિઓનો સંગમ જોવા મળે છે, જે લોકસંસ્કૃતિને સજીવન રાખે છે. ગામડાના માણસ માટે કલેશ્વરી આશ્રયસ્થાન તો છે જ, પરંતુ સાથે-સાથે તેની જીવનશૈલી, સંસ્કારો અને સામાજિક એકતાનું કેન્દ્રબિંદુ પણ છે. અટલે કે, કલેશ્વરી મહીસાગર જિલ્લાના આંગણે આસ્થા, પરંપરા અને લોકઉલ્લાસ, લોકસંસ્કૃતિનું પ્રતિક બનીને આજે પણ પેઢી દર પેઢીને પ્રેરણા પૂરું પાડે છે. લોક પરંપરા એક પેઢીમાંથી બીજી હસ્તાંતરિત થતી હોય છે. લોકગીત લોકસાહિત્ય, સાંસ્કૃતિક અને સામાજિક રીત રિવાજો સંસ્કૃતિની ખાસિયત છે. સંસ્કૃતિ એટલે માનવ કલ્યાણના મૂળભૂત મૂલ્યો જે પેઢી દર પેઢી ઉતરી આવે. સ્થાપત્ય, સાહિત્ય, ચિત્રકલા, નાટક, નૃત્ય આ બધા સંસ્કૃતિના આધાર છે. મનુષ્યની વિચાર પ્રણાલી, જીવન પ્રણાલી ભક્તિ પ્રણાલી એટલે સંસ્કૃતિ. લોકોના રૂડા રૂપાળા પહેરવેશ, પોતાના ઇષ્ટદેવ, દેવ-દેવીઓ, કળા, સંગીત, સાહિત્ય, ભાતીગળ સંસ્કૃતિ, નૃત્ય, લોકરિવાજો, માન્યતાઓ, નીતિરીતિના ખ્યાલો, રહેણીકરણી ખાનપાન વગેરેમાં સંસ્કૃતિના દર્શન થાય છે. લોકસંસ્કૃતિ એ કોઈ એકલદોકલ માનવી કે માનવસમૂહનું સર્જન નથી, પરંતુ અનેક લોક જાતિઓનો સમન્વય છે.

### કલેશ્વરી

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લવાણા ગામે લુણાવાડાથી ઉત્તરે આશરે ૨૦ કિલોમીટરના અંતરે આવેલું આ સ્થળ કલેશ્વરી તરીકે ઓળખાય છે. કલેશ્વરી ને કલેશરી કે કલેશ્વરી નાળ તરીકે પણ ઓળખવામાં આવે છે. કલેશ્વરીનો અર્થ કલેશને હરનારી માતા એવો થાય છે. કલેશ્વરી તેમાં શિલ્પ સ્થાપત્ય માટે તથા પુરાતત્વવિદો તથા તેના પ્રાકૃતિક સૌંદર્ય માટે આકર્ષણનું કેન્દ્ર બનેલું છે અને ભીમે હીડમ્બા સાથે અહીં લગ્ન કરેલા એવી લોકમાન્યતા છે. આ જંગલ વિસ્તાર હીડમ્બાવન તરીકે ઓળખાય છે. પન્નાલાલ પટેલની નવલકથા 'મળેલા જીવ'માં આવતાં વર્ણનો આ વિસ્તારનાં છે.

### સ્મારકો અને શિલ્પો

આ સ્થળમાં ઈસુની ૧૦ મી સદીથી ૧૯ મી સદી સુધીના શિલ્પ સ્થાપત્ય આવેલા છે જેમાં કુલ નવ રાજ્ય રક્ષિત સ્મારકોનો સમાવેશ થાય છે. ૧. સાસુની વાવ ૨. વહુની વાવ ૩. શિલાલેખવાળું મંદિર ૪. પ્રાચીન મંદિર ૫. કુંડ ૬. શિકાર મઢી ૭. ભીમ ચોરી ૮. અર્જુન ચોરી ૯. ત્રણ પ્રવેશદ્વારવાળુ મંદિર.

### ૧.સાસુની વાવ :

ગુજરાતમાં વાવનું સ્થાપત્ય પ્રાચીન સમયથી વિકસિત થયું છે. તેમાંની એક પ્રખ્યાત વાવ 'સાસુની વાવ તરીકે ઓળખાય છે. વાસ્તુશાસ્ત્રની દૃષ્ટિએ આ વાવ નંદા પ્રકારની ગણાય છે. શિલ્પશૈલી અને બાંધકામના આધારે તેનું નિર્માણ આશરે ઈ.સ ૧૪મી કે ૧૫મી સદી દરમિયાન થયેલું મનાય છે. આ વાવમાં એક પ્રવેશદ્વાર તથા ચાર કૂટ છે. પ્રથમ કૂટના વિશ્રામસ્થળે ડાબે જમણે નવગ્રહ પટ્ટ તથા બલરામને અવતાર સ્વરૂપે દર્શાવતો દશાવતાર પટ્ટ કોતરાયેલો છે. બીજા કૂટમાં સપ્તમાતૃકા પટ્ટ સાથે શેષશાયી વિષ્ણુની પ્રતિમા જોવા મળે છે. ત્રીજા કૂટમાં વૈષ્ણવીની બે પ્રતિમાઓ અને સપ્તર્ષિની પ્રતિમા દર્શાવવામાં આવી છે. વાવમાં ઊતરતા માર્ગમાં એક ગોખમાં લજ્જાગૌરી અને નંદેશ્વરનું શિલ્પ છે, જ્યારે તેની સામેના ગોખમાં શિલ્પાકૃતિ સ્થાપિત છે. વધુ નીચે ઉતરતાં, વિશ્રામસ્થળના એક ગોખમાં નવગ્રહ પટ્ટ, બીજા ગોખમાં દશાવતાર પટ્ટ જોવા મળે છે. અંતે, નીચેના વિશ્રામસ્થળના ગોખોમાં શેષશાયી વિષ્ણુ તથા વૈષ્ણવીની બે પ્રતિમાઓ સ્થાપિત છે.[૧]

### ૨ વહુની વાવ :

સાસુની વાવથી થોડે દૂર એક અન્ય વાવ આવેલી છે. જેને વહુની વાવ તરીકે ઓળખવામાં આવે છે. આ વાવ પણ નંદા પ્રકારની અને પ્રમાણમાં સાદી છે. વાવના ગોખમાં દેવ પ્રતિમા, શેષાશાયી વિષ્ણુ, જળદેવતાના શિલ્પો આવેલા છે.[૨]

### ૩. શિલાલેખવાળું મંદિર :

શિલાલેખવાળા મંદિર તરીકે ઓળખાતું આ માળખું કોઈ મંદિરનો પ્રાર્થના મંડપ હોય તેવું લાગે છે, જે હવે ખોવાઈ ગયું છે. આ સ્મારક હાલમાં ફક્ત મંડપના સ્વરૂપમાં છે. સ્તંભવાળો હોલ હાલમાં કલેશ્વરી માતાના મંદિર તરીકે ગણવામાં આવે છે અને કલેશ્વરી માતા તરીકે પૂજવામાં આવતી મૂર્તિ વાસ્તવમાં નૃત્ય કરતા શિવ નટરાજનું શિલ્પ છે. અને તે મૂળ રચનામાં પાછળથી ઉમેરા તરીકે બનાવવામાં આવેલા વિશિષ્ટ સ્થાનમાં સ્થાપિત થયેલ છે.[૩]

### પ્રાચીન મંદિર :

શિલાલેખવાળા મંદિરની સન્મુખ આ મંદિર સ્થાનિક ઘુમ્મટવાળા મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિર પ્રાચીન મંદિર કે જે નષ્ટ થઈ ગયું તેની જગતી પર ઊભું કરવામાં આવી છે. નષ્ટ થયેલા મંદિરના ભગ્ન અવશેષો આ વિસ્તારના પ્રાચીનતમ અવશેષો હોય તેમ જણાય છે.[૪]

### કુંડ :

જળસંગ્રહના અલગ સ્થાપત્ય પ્રકારોમાં કુંડ પણ પ્રાચીન સમયથી જાણીતો જ છે. કલેશ્વરીમાં આવેલો આ કુંડ લગભગ સમચોરસ છે. કુંડની પાળના મધ્યભાગે તથા પગથિયાની બાજુમાં દેવ શિલ્પો માટે ગોપ કરવામાં આવે છે. આ કુંડમાં પણ તેવી જ રચના છે કુંડના ગોખમાં શેષશાયી વિષ્ણુ, શિવ વગેરેના શિલ્પો છે.[૫]

### શિકાર મઢી :

અન્ય સ્થાપત્યોની દ્રષ્ટિએ આ સ્થાપત્ય અર્વાચીન છે. લુણાવાડાના રાજવી આ સ્થળ જંગલ હોવાથી શિકાર માટે આપતા અહીં પડેલ પ્રાચીન ભગ્નાવેશોનો પુનઃ ઉપયોગ કરી રાત્રિ રોકાણ માટે વખતસિંહજીએ બંગલો બનાવ્યો, જે શિકાર મઢી માટે જાણીતો છે. આ શિલ્પો ભગ્ન દેવાલાયના ભાગ છે. શિલ્પમાં નૃત્યગણેશ, મહિષમર્દિની, ચામુંડા, વારાહી, દર્પણ કન્યા તથા કામશિલ્પો એક સિદ્ધહસ્ત શિલ્પીનો પરિચય આપે છે.[૬]

### ભીમ ચૉરી :

શિકાર મઢી પાસેથી શરૂ થતી સોપાનશ્રેણી ટેકરીના મથાળે દોરી જાય છે જે ભીમ ચૉરી તરીકે ઓળખાતું શિવાલય આવેલ છે. ટેકરી પર આવેલા ત્રણ સ્મારકોમાં સૌથી નુકસાન પામેલ છે.[૭]

### અર્જુન ચૉરી :

ભીમ ચૉરીની ઉત્તરે ફક્ત ગર્ભગૃહ અને દ્વારશાખના કેટલાક અંગોવાળુ આ સ્મારક અર્જુન ચૉરી તરીકે ઓળખાય છે. અલંકૃત દ્વારશાખ મંદિરની ઉત્તમ શિલ્પ કલાનો પરિચય આપે છે.

### ત્રણ પ્રવેશદ્વારવાળું મંદિર :

આ સ્થાપત્યનો ફક્ત નીચેનો જ થર હાલમાં વિદ્યમાન હોઈ સ્થાપત્યના પ્રકાર વિશે સ્પષ્ટ વિગત જાણી શકાતી નથી. આ મંદિર હિડમ્બા મંદિર તરીકે જાણીતું છે. અહીં ત્રણ પ્રવેશદ્વાર છે એટલે તેને ત્રણ પ્રવેશદ્વારવાળું મંદિર કહેવામાં આવે છે. સ્થાપત્યના મધ્ય ભાગમાં સામાન્ય કરતાં વિશેષ મોટા પગના અવશેષો જોવા મળે છે. જે ભીમ અને હીડમ્બાના પગ તરીકે જાણીતા છે. નીચલી દીવાલના ભાગો અને પ્લિન્થના કેટલાક ભાગો સિવાય મંદિરની સંપૂર્ણ રચના ખોવાઈ ગઈ છે.[૮]

Copyright© 2025, IEASRJ. This open-access article is published under the terms of the Creative Commons Attribution-NonCommercial 4.0 International License which permits Share (copy and redistribute the material in any medium or format) and Adapt (remix, transform, and build upon the material) under the Attribution-NonCommercial terms.

કલેશ્વરીમાં આવેલા શિલ્પોમાં નટરાજ, શક્તિ, ગણેશ, મહિષમર્દિની, ઘંટાકર્ણી, ક્ષેમંકરી, ઇન્દ્ર, યમ, વરુણ, અનંત અપ્સરા વગેરે શિલ્પો ઉલ્લેખનીય છે.

મહીસાગર જીલ્લાની લોક સંસ્કૃતિમાં કલેશ્વરીનુ પ્રદાન

મહીસાગર જિલ્લાના લોકસંસ્કૃતિમાં કલેશ્વરીનું પ્રદાન અત્યંત મહત્વનું માનવામાં આવે છે. તે ધાર્મિક, સાંસ્કૃતિક અને લોકજીવનના અનેક પાસાઓ સાથે સંકળાયેલું છે. સંક્ષિપ્તમાં તેના મુખ્ય પ્રદાન આ પ્રમાણે છે.

૧. ધાર્મિક કેન્દ્ર તરીકે

કલેશ્વરી મંદિર પ્રાચીન તીર્થસ્થળ છે, જ્યાં માતાજીની ઉપાસના માટે સ્થાનિકો ઉપરાંત દૂર દૂરથી લોકો આવે છે. અહીંના મેળા, તીર્થયાત્રા અને વ્રત-ઉપવાસ જેવી પરંપરાઓ લોકજીવનમાં ધાર્મિકતા અને ભક્તિભાવને જાળવી રાખે છે.

૨. લોકમેળા અને મેળાવડા

કલેશ્વરીમાં યોજાતા મેળા મહીસાગર જિલ્લાના સૌથી મોટા લોકમેળા ગણાય છે. આ મેળાઓમાં આદિવાસી સમુદાયો પોતાની વેશભૂષા, નૃત્ય-ગીત, ઢોલ-નગારાં સાથે ઉપસ્થિત રહે છે, જે લોકસંસ્કૃતિને જીવંત રાખે છે.

૩. આદિવાસી કળા અને નૃત્ય

કલેશ્વરી પરિસરમાં ગામઠી લોકનૃત્ય, ગરબા, ડાંડીયા, તુર-ઢોલ અને ઝાંઝ જેવા લોકવાદ્યોનો ઉપયોગ થાય છે. લોકગાયકો પોતાના ભજનો, ભક્તિગીતો અને દંતકથાઓ ગાઈને લોકવારસાને આગળ વધારે છે.

૪. સામાજિક એકતા

મેળા અને ઉત્સવોમાં વિવિધ જાતિ-સમુદાય, ગ્રામજનો, ખેડૂતો અને આદિવાસીઓ એકત્ર થાય છે. આ ભીડ સામાજિક એકતા, પરસ્પર સહકાર અને સંસ્કૃતિના સંમિશ્રણનું પ્રતિક બને છે.

૫. સ્ત્રીશક્તિનું પ્રતિક

કલેશ્વરી દેવી સ્ત્રીશક્તિનું પ્રતીક બની લોકમાનસમાં સ્થાન ધરાવે છે. અહીંની પૂજા-અર્ચના દ્વારા શ્રદ્ધાળુઓમાં ધાર્મિક વિશ્વાસ અને સંસ્કાર પ્રબળ થાય છે.

૬. લોકવાર્તા અને દંતકથા

કલેશ્વરી સાથે જોડાયેલી અનેક લોકદંતકથાઓ, લોકવાર્તાઓ અને કિસ્સાઓ મહીસાગરની લોકસંસ્કૃતિમાં વારંવાર ગવાય છે. આ વાર્તાઓ લોકમૌખિક પરંપરાનું જતન કરે છે.

૭. આર્થિક પ્રદાન

મેળા દરમિયાન હાટબજારો ભરાય છે, હસ્તકલા, કૃષિ ઉત્પાદન, રમકડાં, મીઠાઈ અને આદિવાસી શિલ્પોના વેપારથી સ્થાનિક આર્થિકતા મજબૂત થાય છે.

મહીસાગર જીલ્લો ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક સૌંદર્ય, પુરાતત્વીય પ્રવાસન, પૂજા, વિદ્યા, સૌંદર્યથી ભરપૂર ભરેલો છે. જંગલો અને ડુંગરોના ખોળે વસેલા આદિવાસી સમાજે ક્યાંક સમૂહમાં તો ક્યાંક છૂટો છવાયો વસવાટ કરી એમની આગવી જીવનશૈલી અને સંસ્કૃતિનું જતન અને સંવર્ધન કરીને તેને ધબકતી રાખી છે. તે લોકસંસ્કૃતિની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. લોક સંસ્કૃતિ લોકસમૂહનું નીજી સર્જન છે. લોક સંસ્કૃતિમાં નિસર્ગના અનેક તત્વો આવિષ્કાર પામ્યા છે. લોકસંસ્કૃતિમાં પ્રકૃતિ તરફનો પ્રેમ, સત્ય, કરુણા અને સંસ્કારો સુપેરે ખીલી ઉઠ્યા છે. પ્રકૃતિના સાનિધ્યમાં મહાશિવરાત્રીએ કલેશ્વરીમાં લોક સંસ્કૃતિ મેળો યોજાય છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના ગ્રામીણ કલાકારોના કલાવૃંદ વચ્ચે જનજાતિઓના સમૂહ, નૃત્ય, કલા, સંસ્કૃતિ, સાહિત્યકારો, ફોટોગ્રાફરો, અભ્યાસુઓ આદિવાસી સંસ્કૃતિને નજરો નજર જોવા હજારોની સંખ્યામાં ઊમટી પડે છે. હેડંબા વન કલેશ્વરી માતાના પરિસરમાં પ્રકૃતિ પ્રેમીઓ ઉત્તર પૂર્વના રાજ્ય આસામથી બ્રહ્મપુત્રાના માજુલી ટાપુ અને મિઝોરમના આદિવાસીઓ અને કલાકારો તથા મધ્યપ્રદેશની ઉરાંવ જનજાતિ તેમજ ગુજરાતના પૂર્વ પટ્ટીના આદિવાસી જિલ્લાના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. નાટક, નૃત્ય, ઢોલ, શરણાઈ, વાંસળી, ડાકલા આખ્યાન, સાહિત્ય, વાદી નૃત્ય, આદિવાસીની બોલીમાં ગીતો, ભાષા, પરંપરાગત વેશભૂષા, વાજિંત્રો વનરાજીની ગોદમાં ગુંજી ઊઠે છે. મહીસાગરમાં આવેલા કલેશ્વરીમાં દર વર્ષે જન્માષ્ટમી અને મહાશિવરાત્રીએ મેળા ભરાય છે. આદિવાસીઓની વિરાસત અને વિચરતી વિમુક્ત જાતિઓના કલા વારસાને પીછાણવા, સમૃદ્ધ કરવા, અવાજ આપવા આ મેળો ઉજવવામાં આવે છે. જેમાં અસલ પ્રકૃતિ વચ્ચે ઉજવાતા મેળાનો નજારો જોવા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે. કેટલાય વર્ષોથી ભરાતો આ ભાતીગળ મેળો લોક સંસ્કૃતિના સંગમ સમો એકતા અને વિવિધતાના દર્શન કરાવતો બહુઆયામી, ભાષા, બોલી, પહેરવેશનો પરચો આપતો અદ્દભુત મેળો લોકોના ઉત્સાહ, ઉમંગ અને આનંદની અસીમ ઘડી છે. આ મેળાઓમાં વિવિધ જાતિઓ કોઈપણ જાતના ભેદભાવ વગર ભેગી થાય છે અને ત્યાં લોકજીવનનું સંસ્કાર વિનિમય થાય છે. કલેશ્વરીમાં ભરાતા આ મેળાઓનો લોકજીવનની કંઈક કળાઓ ઠલવાય છે. આ મેળાઓમાં વાદ્યો, નૃત્યો, ભાતીગળ કળાઓ, લોકગીતો, લોકબોલીઓ, હથિયારો, રીત રિવાજો, વિવિધ જાતિઓના વસ્ત્રાભૂષણો, સાહિત્ય, ધાર્મિક માન્યતાઓ વગેરે વિશે માહિતી મળે છે. અહીં કવિ સંમેલન પણ થાય છે. ગુજરાતની જુદી જુદી જગ્યાએથી કવિઓ સાહિત્યકારો પોતાની કૃતિઓ રજૂ કરે છે અને વિવિધ કલાકારો ઉપસ્થિત રહી પોતાની આગવી કળાનું પ્રદર્શન કરી મનોરંજન કરે છે.[૯]

આ મેળો આગવી ઓળખ અને ખુલ્લા મને મુક્ત નાચગાન અને સંસ્કૃતિના દર્શન તેમજ વિવિધતામાં એકતાના દર્શન કરાવે છે. આ મેળાનો ઉલ્લેખ શ્રી પન્નાલાલ પટેલે એમની પ્રખ્યાત નવલકથા મળેલા જીવમાં કર્યો છે. માનવીની ભવાઈ ફિલ્મના કેટલાક દ્રશ્યોનું શૂટિંગ અહીં કરવામાં આવ્યું હતું.આ મેળામાં આદિવાસી સંસ્કૃતિ, વિચરતી વિમુક્ત જાતિ અને ગ્રામ્ય સંસ્કૃતિ ભારોભાર જોવા મળે છે. કળહેરીની નાળને અને જન્માષ્ટમી ના મેળાને વર્ષો પહેલા પન્નાલાલ પટેલે પોતાની નવલકથા 'મળેલા જીવ'માં કંડારી હતી.[૧૦]

કલેશ્વરી તેના શિલ્પ સ્થાપત્ય, પુરાતત્વ સ્થળો, પ્રાકૃતિક સૌંદર્ય અને મેળાની વિવિધતાના કારણે સહેલાણીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આજુબાજુની શાળાઓમાંથી અહીં એક દિવસના પર્યટનનું આયોજન કરવામાં આવે છે અને શાળાના વિદ્યાર્થીઓ પોતાના ગુરુજનો સાથે પ્રકૃતિનો આનંદ માણે છે. કલેશ્વરી સંકુલ આજે પુરાતત્વ ખાતા અને વન વિભાગના અથાગ પરિશ્રમને કારણે એક સુંદર એક દિવસીય પિકનિકનું સ્થળ બની ગયું છે. કલેશ્વરી મહીસાગર જિલ્લાના લોકસંસ્કૃતિને ધાર્મિક ભાવના, આદિવાસી લોકજીવનની પરંપરા, લોકકલા, સંગીત-નૃત્ય, સામાજિક એકતા અને આર્થિક પ્રવૃત્તિ જીવંત બનાવી રાખે છે.

પાદટીપ:


૧. માહિતી નિયામક ,ગુજરાતની સ્થાપત્ય કલા, ગુજરાત રાજ્ય , ગાંધીનગર ,૨૦૧૯-૨૦, પૃષ્ઠ -૧૧૯
૨. એજન-૧૧૯
૩. રૂબરૂ મુલાકાત, સાઈન બોર્ડ, ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ, કલેશ્વરી સ્મારક સમૂહ
૪. રૂબરૂ મુલાકાત, સાઈન બોર્ડ, ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ, કલેશ્વરી સ્મારક સમૂહ
૫. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સંતરામપુર, મહિમાવંતો મહીસાગર,૨૦૧૬-૧૭, પૃષ્ઠ -૨૬
૬. રૂબરૂ મુલાકાત, સાઈન બોર્ડ, ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ, કલેશ્વરી સ્મારક સમૂહ
૭. રૂબરૂ મુલાકાત, સાઈન બોર્ડ, ગુજરાત રાજ્ય પુરાતત્વ વિભાગ, કલેશ્વરી સ્મારક સમૂહ
૮. ચિત્રલેખા જર્નલ, વોલ્યુમ ૧, વર્ષ -૨૦૧૭, પૃષ્ઠ -૭૧
૯. રૂબરૂ મુલાકાત ,કાનજીભાઈ પટેલ, કલેશ્વરી
૧૦. માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત એટ-અ-ગ્લાન્સ, ૨૦૧૮-૧૯, પૃષ્ઠ -૧૮૩